ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ 10681
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા. 5/10/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

**નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)**

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

(6)

ક્રમાંક:મઉમશબ/સંશોધન/2026/3799-3833
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-10 બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.30/09/2026

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજ્ય.

વિષય:- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને કારકિર્દી માર્ગદર્શન સંદર્ભે તાલીમ આપવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો પરિપત્ર ક્રમાંક: ED/MIS/e-file/3/2026/5855/CHH, તા.14/09/2026

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકારના શિક્ષણ મંત્રાલય (Ministry of Education) દ્વારા શાળાકીય શિક્ષણ પ્રણાલીની સ્થિતિ અને ગુણવત્તાનું મૂલ્યાંકન કરવા પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ (PGI) રેન્કિંગ શરૂ કરવામાં આવેલ છે. જે અન્વયે PGI રેન્કિંગમાં ગુજરાત રાજ્ય દેશભરમાં શ્રેષ્ઠ અને અગ્રણી સ્થાન પ્રાપ્ત કરે તે માટે PGIના 101 ઇન્ડિકેટર્સ પૈકી શિક્ષણ વિભાગ દ્વારા 23 અગ્રતા આધારિત (Priority) ઇન્ડિકેટર્સ સંદર્ભે જરૂરી કાર્યવાહી કરવા સંદર્ભ દર્શિત પરિપત્રથી જણાવેલ હતું.

સદર બાબતે પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્સ (PGI)ના ઈન્ડીકેટર નં. 6.2 સંદર્ભે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરૂં પાડી શકે તે માટે તમામ શિક્ષકોને કારકિર્દી માર્ગદર્શન સંદર્ભે તજજ્ઞશ્રીઓ દ્વારા તાલીમ આપવા અંગેના કાર્યક્રમનું BISAGના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ નં.૯ પર પ્રસારણ કરવામાં આવનાર છે. સદર પ્રસારણનું સમયપત્રક નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | તારીખ | સમય | |
|---|---|---|---|---|
| | | | પ્રસારણ | પુનઃ પ્રસારણ |
| ૧. | કૌશલ્ય સ્કીલ યુનિવર્સિટીના અભ્યાસક્રમો | ૦૧/૧૦/૨૦૨૬ | સવારે ૯ કલાકે | બપોરે ૧૨ કલાકે, ૧૫ કલાકે, ૧૮ કલાકે તેમજ ૨૧ કલાકે |
| ૨. | ➢ તબીબી શિક્ષણના અભ્યાસક્રમો<br>➢ રોજગાર અને તાલીમ નિયામકની કચેરીની યોજનાઓ | ૦૩/૧૦/૨૦૨૬ | સવારે ૯ કલાકે | બપોરે ૧૨ કલાકે, ૧૫ કલાકે, ૧૮ કલાકે તેમજ ૨૧ કલાકે |
| 3. | ડિગ્રી એન્જિનિયરીંગના અભ્યાસક્રમો | ૦૫/૧૦/૨૦૨૬ | સવારે ૯ કલાકે | બપોરે ૧૨ કલાકે, ૧૫ કલાકે, ૧૮ કલાકે તેમજ ૨૧ કલાકે |
| ૪. | ➢ ડિપ્લોમા એન્જિનિયરીંગના અભ્યાસક્રમો<br>➢ કામધેનુ યુનિવર્સિટીના અભ્યાસક્રમો | ૦૬/૧૦/૨૦૨૬ | સવારે ૯ કલાકે | બપોરે ૧૨ કલાકે, ૧૫ કલાકે, ૧૮ કલાકે તેમજ ૨૧ કલાકે |

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર 5495
તારીખ 01/10/26
કચેરીની સહી

E:\HK-\કારકિર્દી માર્ગદર્શન\Letter to Deo.docx

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | કૃષિ યુનિવર્સિટીના અભ્યાસક્રમો | ૦૭/૧૦/૨૦૨૬ | સવારે ૯ કલાકે | બપોરે ૧૨ કલાકે, ૧૫ કલાકે, ૧૮ કલાકે તેમજ ૨૧ કલાકે |
| ૬. | I.T.I. ના અભ્યાસક્રમો | ૦૮/૧૦/૨૦૨૬ | સવારે ૯ કલાકે | બપોરે ૧૨ કલાકે, ૧૫ કલાકે, ૧૮ કલાકે તેમજ ૨૧ કલાકે |

ઉપરોક્ત વિગતે BISAGના માધ્યમથી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના તમામ શિક્ષકો ઉક્ત વિડીયો રેકોર્ડીંગનું પ્રસારણ નિહાળી કારકિર્દી માર્ગદર્શન સંદર્ભે તાલીમ મેળવી વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પૂરૂં પાડી શકે તે માટે ઉક્ત વિગતો આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મોકલી આપશો. સદર બાબતે આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો દ્વારા BISAGના માધ્યમથી મેળવેલ તાલીમ અંગેની સંખ્યાત્મક વિગતો આ સાથે સામેલ ગૂગલ શીટ (લીંક)માં સત્વરે મોકલવાની રહેશે. જે આપને વિદિત થાય.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

E:\HK-કારકિર્દી માર્ગદર્શન\Letter to Deo.docx